# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

**************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી રોજગાર પર અંદાજપત્ર બાદના વૅબિનારમાં ભાગ લેશે.**

2) **દિલ્હીમાં મોડેલ મહિલા-મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયત પહેલનો પ્રારંભ.**

3) **ઝારખંડના રાંચીમાં તપાસ અભિયાન દરમિયાન થયેલા વિસ્ફોટમાં ત્રણ જવાન ઇજાગ્રસ્ત.**

4) **અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે સંસદને કરેલા સંબોધનમાં કહ્યું, અમેરિકાને આર્થિક નુકસાન કરનારો પેરિસ આબોહવા પરિવર્તન કરાર રદ કર્યો.**

5) **ICC ચેમ્પિયન્સ ટ્રોફીની, બીજી સેમી-ફાઇનલ આજે દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે.**

.................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM WEBINAR EMPLOYMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી રોજગાર અંગેના અંદાજપત્ર બાદના વૅબિનારમાં ભાગ લેશે. વૅબિનારના મુખ્ય વિષયોમાં રોકાણ, અર્થવ્યવસ્થા અને નવીનતા સામેલ છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી લોકોને સંબોધિત પણ કરશે.

પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણથી પ્રેરણા લઈને સરકારે રોજગારમાં વૃદ્ધિ કરવા અને રોજગારની વધુ તકનું સર્જન કરવા માટે અનેક પગલાં લીધા છે. આ વૅબિનાર સરકાર, ઉદ્યોગ, શિક્ષણવિદો અને લોકો વચ્ચે સહકાર વધારશે. તેમ જ પરિવર્તનલક્ષી અંદાજપત્ર જાહેરાતોને અસરકારક પરિણામમાં ફેરવવા માટેની ચર્ચાઓને પ્રોત્સાહિત કરશે.

વૅબિનારમાં વિચાર-વિમર્શનો ઉદ્દેશ ટકાઉ અને સમાવેશક વિકાસનો માર્ગ મોકળો કરવાનો, ટેક્નોલૉજી અને અન્ય ક્ષેત્રોમાં નેતૃત્વ તથા વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યાંકને સાકાર કરવાની દિશામાં કામ કરનારા કુશલ અને સ્વસ્થ કાર્યબળનું નિર્માણ કરવાનો છે.

. . . . . . . . . . . . . . .

# PM UT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તરાખંડના પ્રવાસે જશે. શ્રી મોદી મુખવામાં મા ગંગાની પૂજા-અર્ચના અને દર્શન કરશે. શ્રી મોદી એક ટ્રેક અને બાઈક રેલીને લીલીઝંડી બતાવશે તેમ જ હરસિલમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે.

ઉત્તરાખંડ સરકારે આ વર્ષે શિયાળું પ્રવાસન કાર્યક્રમ શરૂ કર્યો છે. હજારો શ્રદ્ધાળુઓ પહેલા જ ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથના શિયાળુ નિવાસસ્થાનનો પ્રવાસ કરી ચૂક્યા છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ ધાર્મિક પ્રવાસનને સ્થાનિક અર્થવ્યવસ્થા, પ્રવાસન વેપારને પ્રોત્સાહન આપવાનો છે.

. . . . . . . . . . . . . . . .

# PM BIJU PATNAIK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય બીજુ પટનાયકને તેમની જયંતિએ યાદ કર્યા હતા. સોશિયલ મીડિયા સંદેશણાં શ્રી મોદીએ રાજ્યના વિકાસમાં શ્રી પટનાયકના મહત્વના યોગદાન અને નાગરિકોને સશક્ત બનાવવાના તેમના પ્રયાસ પર પ્રકાશ પાડ્યો હતો.

શ્રી મોદીએ લોકશાહીના સિદ્ધાંતો પ્રત્યે શ્રી પટનાયકની અખૂટ પ્રતિબદ્ધતા, ખાસ કરીને કટોકટી પ્રત્યે તેમના વિરોધ પર ભાર આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# GRAM PANCHAYAT-WOMEN EARLY

કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્યમંત્રી પ્રો. એસ. પી. સિંહ બઘેલ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે નવી દિલ્હીમાં મોડેલ મહિલા-મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયત પહેલનો પ્રારંભ કરાવ્યો. આ પહેલ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2025ની ઉજવણીનો એક ભાગ છે.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક મોડેલ મહિલા-મૈત્રીપૂર્ણ ગ્રામ પંચાયતની સ્થાપના કરવાનો છે. આ દિવસભરના કાર્યક્રમમાં વિવિધ મંત્રાલયો, વિભાગો અને સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનોના પ્રતિનિધિઓ ભાગ લેશે.

. . . . . . . . . . . . . . .

# JARKHNAD IED BLAST

ઝારખંડના ચાઇભાસામાં આઇઇડી વિસ્ફોટ થયો છે.. સૈન્ય દ્વારા કરવામાં આવી રહેલા તપાસ અભિયાન દરમિયાન આ વિસ્ફોટ થતાં ત્રણ જવાન ઇજાગ્રસ્ત થયા હતા. ઇજાગ્રસ્ત જવાનોને એરલિફ્ટ કરીને રાંચી સારવાર માટે ખસેડવામાં આવ્યા

. . . . . . . . . . . . . . . .

# PUNJAB-FARMERS

કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી છે અને વિરોધ કરી રહેલા ખેડૂતોની કૂચને રોકવા પોલીસ દળ તહેનાત કરવામાં આવ્યું છે. ચંદીગઢનાં પોલીસવડાં ગીતાંજલી ખંડેલવાલે જણાવ્યું કે, પંજાબના સંયુક્ત કિસાન મોરચાની ચંદીગઢ તરફની કૂચને ધ્યાનમાં રાખીને બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું, તમામ સ્થળોએ કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે અને રૂટ ડાયવર્ટ કરવામાં આવી રહ્યા છે. તેમ જ લોકોને ઓછામાં ઓછી અગવડનો સામનો કરવો પડે તે માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . . . .

# FUR REV. TRUMP-CONGRESS ADDRESS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પેરિસ આબોહવા કરારમાંથી બહાર નીકળવાના પોતાના નિર્ણયનો બચાવ કરતા કહ્યું, આ કરારથી અમેરિકાને "ટ્રિલિયન ડોલર"નું નુકસાન થઈ રહ્યું છે. તેમણે કહ્યું, પેરિસ પર્યાવરણ સંધિ અને વિશ્વ આરોગ્ય સંગઠન જેવા અનેક આંતરરાષ્ટ્રીય કરારોમાંથી અમેરિકાને બહાર નિકળવાનો આ યોગ્ય સમય છે. તેમણે આ પગલાંને સાહસિક ગણાવ્યું હતું.

શ્રી ટ્રમ્પે આજે સવારે તેમના બીજા કાર્યકાળ દરમિયાન પહેલી વાર કોંગ્રેસના બંને ગૃહના સંયુક્ત સત્રને સંબોધતા આ વાત કહી. તેમણે કહ્યું, 100થી વધુ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે અને 400 એક્ઝિક્યુટિવ પગલાં લીધા છે. તેમણે કહ્યું, લોકોએ તેમને કામ કરવા પસંદ કર્યા છે, અને તેઓ તે કરી રહ્યા છે.

શ્રી ટ્રમ્પના સંબોધનના થોડી મિનિટોમાં જ, ટેક્સાસના ડેમોક્રેટિક પ્રતિનિધિ અલ ગ્રીન દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો જેને સાર્જન્ટ ગૃહમાંથી બહાર લઇ ગયા હતાં.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# JAISHANKAR UK VISIT

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે લંડનના ટેન ડાઉનિંગ સ્ટ્રીટમાં બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મર સાથે મુલાકાત કરી. તેમણે દ્વિપક્ષીય આર્થિક સહકારને આગળ વધારવા અને લોકોમાં પરસ્પર આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરી. બેઠક બાદ ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તરફથી શ્રી સ્ટાર્મરને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી સ્ટાર્મરે યુક્રેન સંઘર્ષ પર રજૂ કરેલા બ્રિટનના દ્રષ્ટિકોણનો પણ ડૉ. જયશંકરે ઉલ્લેખ કર્યો હતો.

બાદમાં શ્રી જયશંકરે પોતાના બ્રિટિશ સમકક્ષ ડેવિડ લૈમી સાથે મુલાકાત કરી અને આગળની ચર્ચા માટે પોતાની ઉત્સુકતા વ્યક્ત કરી હતી. શ્રી જયશંકરે શ્રી લૈમી સાથે ભારતથી આવેલા ઉત્કૃષ્ટ સંશોધનકર્તા વિદ્યાર્થીઓ સાથે પણ મુલાકાત કરી હતી. શ્રી જયશંકરે કહ્યું, આ આપણી પ્રતિભા અને લોકો વચ્ચે આદાન-પ્રદાનની એક જ્વલંત અભિવ્યક્તિ છે. તેમ જ આ વિદ્વાન નિશ્ચિતપણે ભારત અને બ્રિટનના સંબંધનના મહાન સમર્થક છે.

આ પહેલા શ્રી જયશંકરે ગૃહસચિવ યવેટ કૂપર સાથે મુલાકાત કરી અને પ્રતિભાના પ્રવાહ, લોકો વચ્ચે આદાન-પ્રદાન તેમ જ તસ્કરી અને ઉગ્રવાદને પહોંચવાના સંયુક્ત પ્રયાસ પર પણ ચર્ચા કરી.

વેપાર અને વાણિજ્ય વિભાગના સચિવ જોનાથન રૈનોલ્ડ્સ સાથેની બેઠકમાં ડૉ. જયશંકરે બંને દેશ વચ્ચે મુક્ત વેપાર સમજૂતીના વિકાસ પર પણ ચર્ચા કરી.

. . . . . . . . . . . . . . .

# DAY CRICKET-ICC

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં, દક્ષિણ આફ્રિકા આજે બપોરે પાકિસ્તાનનાં લાહોરમાં બીજી સેમિફાઇનલમાં ન્યુઝીલેન્ડ સામે રમશે. આ મેચ ભારતીય સમય મુજબ હમણાં 2.30 વાગ્યે શરૂ થશે. આ મેચના વિજેતાનો મુકાબલો આ રવિવારે ફાઇનલમાં ભારત સામે થશે. જ્યારે ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર સ્ટીવન સ્મિથે વનડે ક્રિકેટમાંથી નિવૃતિની જાહેરાત કરી.

. . . . . . . . . . . . . . . .

# RAILWAY TRANSFERRED

દિલ્હી ડિવિઝનલ રેલવે મેનેજર, એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર અને રેલ્વે સલામત દળના આસિસ્ટન્ટ સિક્યોરિટી કમિશનર સહિત પાંચ વરિષ્ઠ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. આ બદલી નવી દિલ્હી રેલવેમથક પર થયેલી દોડધામની ઘટનાના સંદર્ભમાં કરાઈ છે.

ગયા મહિનાની 15મી તારીખે નવી દિલ્હી રેલવેમથક પર થયેલી દોડધામમાં 18 યાત્રીઓના મોત નીપજ્યા હતા. જ્યારે 15 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ આદેશ મુજબ, પુષ્પેશ આર. ત્રિપાઠી ઉત્તર રેલવે ઝૉનમાં દિલ્હી મંડળના નવા મંડળ રેલવે મૅનેજર હશે.

. . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસમાં દિલ્હી-એનસીઆરમાં 20 થી 30 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવાની આગાહી કરી છે. સાથે જ આજે અરુણાચલ પ્રદેશમાં કેટલાક સ્થળોએ છૂટાછવાયા વરસાદની આગાહી પણ છે.

જ્યારે આગામી બે દિવસ દરમિયાન ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ આવું જ હવામાન રહેવાની સંભાવના છે. વિભાગે જણાવ્યું કે, આગામી બે દિવસ ઉત્તર-પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. વધુમાં, હવામાન વિભાગે આજે માછીમારોને બંગાળની ખાડીના દક્ષિણપશ્ચિમ ભાગોમાં, ખાસ કરીને શ્રીલંકાના દક્ષિણ કિનારા, કોમોરિન વિસ્તાર અને મહારાષ્ટ્ર અને ગુજરાતના ઉત્તરી કિનારાઓમાં દરિયા ન ખેડવા ચેતવણી આપી છે.

. . . . . . . . . . . . . . .

# COAL PRODUCTION

નાણાકીય વર્ષ 2024-25 માટે વાણિજ્યિક કોલસાની ખાણોમાંથી કુલ ઉત્પાદન આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં 167 મિલિયન ટનથી વધુ થઈ ગયું છે. આ ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન 126 મિલિયન ટન ઉત્પાદનની સરખામણીએ આ 32 ટકાથી વધુની વૃદ્ધિ દર્શાવે છે.

કોલસા મંત્રાલયે જણાવ્યું, વર્ષ 2024-25 માટે કુલ કોલસાનું લોડિંગ વધીને 170 મિલિયન ટનથી વધુ થયું છે, જે ગયા વર્ષે નોંધાયેલા 128 મિલિયન ટનથી વધુ છે. મંત્રાલયે જણાવ્યું, તેઓ વીજળી, સ્ટીલ અને સિમેન્ટ જેવા મુખ્ય ક્ષેત્રને સ્થિર અને અવિરત કોલસાનો પૂરવઠો સુનિશ્ચિત કરી રહ્યા છે. સરકાર રાષ્ટ્રીય વિકાસ અને વિકાસમાં ફાળો આપતા ટકાઉ અને કાર્યક્ષમ કોલસા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . . . .

# ARAB LEAGUE GAZA PLAN

અરબ નેતાઓએ ઇજિપ્ત દ્વારા ગાઝા માટે તૈયાર 53 અબજ ડૉલરની પુનઃનિર્માણ યોજનાને મંજૂરી આપી દીધી છે, જે રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પના ગાઝા પર કબજો કરવા અને 20 લાખથી વધુ પેલિસ્ટિયન્સને સ્થળાંતર કરવાના પ્રસ્તાવનો વિરોધ કરે છે.

ગઈકાલે કારિયામાં એક કટોકટી શિખર સંમેલન બાદ અરબ લીગના મહાસચિવ અહમદ અબુલ ઘીતે આ યોજનાની જાહેરાત કરી. તેમણે એ વાત પર ભાર આપ્યો કે, અરબનું વલણ કોઈ પણ સ્થળાંતરનો અસ્વીકાર કરવાનો છે. તે પછી સ્વૈચ્છિક હોય કે બળજબરીથી. તેમણે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના પ્રસ્તાવનો કોઈ સીધો ઉલ્લેખ કર્યો ન હતો.

. . . . . . . . . . . . . . .